**<u>શ્રી કે.જી.પટેલ, ઓથોરીટી અંડર ધી પેમેન્ટ ઓફ વેજીસ એકટ,સુરત સમક્ષ.</u>**

**પે.વે.અરજી નં. ૮૬/૨૦૨૪**

**આંક–૬**

**અરજદાર: સરજૂ મહાદેવ નોણીયા**

રહે. પ્લોટ નં.૪૩૩, પુનીત નગર, બમરોલી,

પાંડેસરા, સુરત–૩૯૪૨૨૧.

**વિરુધ્ધ**

**સામાવાળા : કાસા સિકયુરીટી સર્વીસીસ**

ઠે. બી–૧૩/૧૪, દુકાન નં.૫, પહેલા માળે,

પીયુષ પોઈન્ટ, ગુજરાત હાઉસીંગ બોર્ડ,

પાંડેસરા, સુરત–૩૯૪૨૨૧.

**પ્રતિનિધિત્વ :**

અરજદાર તરફે : યુનિયન પ્રતિનિધિશ્રી રવીન્દ્ર ઓક

સામાવાળા તરફે : ગેરહાજર.

**વિષય: <u>પગાર ચુકવણી ધારાની કલમ–૧૫ મુજબની અરજી</u>**

(૧) અરજદારે હાલની અરજી પગાર ધારાની કલમ–૧૫(૨) મુજબ કરી સામાવાળા પાસેથી અરજીમાં જણાવ્યા મુજબની રકમ રૂ.૨૦,૦૦૦/– વસુલ મેળવવા માટે હાલની અરજી કરેલ છે.

(૨) આ કામનું રેકર્ડ જોતાં હાલની અરજી દાખલ થતા સામાવાળા વિરૂધ્ધ નોટીસ કાઢવામાં આવેલ જે નોટીસ સામાવાળાને બજી ગયેલ હોવાનું જણાય છે. આ કામે સામાવાળા તરફે હાજર થઈ જવાબ રજુ કરતા ન હોય અરજદાર તરફે આંક–૫ થી તા.૨૭/૦૧/૨૦૨૫ ના રોજ જવાબનો હકક બંધ કરવા અરજી આપતા અરજી લગત હુકમ કરી સામાવાળાનો જવાબનો હકક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદથી સદર કામ અરજદારના પુરાવાના સ્ટેજ ચાલે

છે. સદર કામના અરજદાર છેલ્લા ઘણા લાંબા સમયથી કોર્ટ સમક્ષ હાજર રહેલ નથી કે તેઓના કેસની કાર્યવાહી આગળ ચલાવવા કોઈ પ્રયત્ન કરેલ નથી. આજરોજ અરજદારનો વારંવાર પોકાર કરાવવા છતાં હાજર નથી કે કોઈ પુરાવો રજુ કરેલ નથી કે કોઈ મુદત રીપોર્ટ કે રજૂઆત નથી. આમ, અરજદારને પુરાવો રજુ કરવા માટે પુરતી તક આપવા છતાં અરજદારે આ કામે કોઈ પુરાવો રજુ કરેલ ન હોઈ અરજદારને સદર કામ આગળ ચલાવવામાં રસ હોય તેવું જણાતુ નથી. જેથી સદરહુ અરજી અરજદારની ગેરહાજરીના કારણે અને પુરાવાના અભાવે આગળ ચાલી શકે તેમ ન હોઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**//આખરી હુકમ//**

**૧.** અરજદારની હાલની અરજી તેઓની ગેરહાજરીના કારણે તથા પુરાવાના અભાવે નામંજુર યાને રદ કરવામાં આવે છે.

**૨.** ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજરોજ તારીખ–૨૩ મી માહે–માર્ચ સને–૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૨૩/૦૩/૨૦૨૬
સ્થળ : સુરત.

(કૃષ્ણકાંત ગોવિંદભાઈ પટેલ)
ઓથોરીટી અંડર ધી પેમેન્ટ ઓફ વેજીસ એકટ,
મજુર અદાલત નં.૩, સુરત.
Code No. GJ01285